| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Divya Bhaskar (City Bhaskar)** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **30/3/2022** |
| **PAGE :** | **9** |

**SUMMIT** EDII દ્વારા મેગા ઇન્ટરનેશનલ સમિટ યોજાઈ

# MSME હવે ગ્રોથ સ્ટેજ પર છે, તેને મજબૂત કરવાની જરૂર છે: નારાયણ રાણે

**અમદાવાદ** | માઈક્રો, સ્મોલ અને મીડિયમ એમએસએમઈ અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા દ્વારા એમએસએમઈ ક્ષેત્રની કોમ્પિટેટિવનેસ અને ગ્રોથ વિષય પર બે દિવસીય મેગા સમિટ યોજવામાં આવી છે. યુનિયન મિનિસ્ટર ઓફ એમએસએમઈ નારાયણ રાણેએ કોન્ફરન્સમાં દેશની જીડીપીમાં એમએસએમઈના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'લાંબા સમયથી એમએસએમઈ મિનિમમ રિસોર્સ સાથે કામ કરે છે અને છતાં દેશની જીડીપીમાં નોંધપાત્ર પ્રદાન કરે છે. એટલે આ જરૂરી છે કે, આ ગ્રોથ દ્વારા એમએસએમઈ વધારે મજબૂત થાય અને ઉપયોગી બને. આ ક્ષેત્રને મજબૂત કરવા સરકારની વિવિધ યોજનાઓ એમએસએમઈ માટે નવા વિકલ્પો ઊભા કરવા કામ કરી રહી છે.' જ્યારે ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ.



સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, 'ઈડીઆઈઆઈ ક્લસ્ટર ડેવલપમેન્ટ, ટ્રેનિંગ અને કેપેસિટી બિલ્ડિંગ, રિસર્ચ અને પોલિસી એડ્વોક્સી જેવા પ્રોજેક્ટ્સને લઈને એમએસએમઈ મંત્રાલય સાથે સતત કામ કરી રહ્યું છે. ઈડીઆઈઆઈની સ્ટ્રેટજીથી એમએસએમઈ ક્ષેત્રમાં કામગીરીને વધુ સારી રીતે કરવા આતુર છીએ.